**<u>રે.દિ.મુ.નં.૧૮૫/૨૦૧૧</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

રેકર્ડ જોતા, હાલનો દાવો છ વર્ષ જુનો છે, આંક–૫૭થી તા.૨૨/૦૪/૨૦૧૬ના રોજ એટલે કે સવા વર્ષ ઉપરાંતના સમયથી મુદ્દા ઘડવામા આવેલ છે. તેમ છતા વાદીએ આજદીન સુધી કોઈ લેખીત કે મૌખીક પુરાવો રજુ કરેલ નથી અને વખતો વખત વાદીના વકીલશ્રીએ મુદત અરજીઓ રજુ કરી મુદત લીધેલ છે. ન્યાયના હિતમાં મુદ્દા કાઢયા અંગેની નોટીસ પણ આ કામના વાદીને ધોરણસર બજાવવામા આવેલ છે જે આ કામે આંક–૬૬થી રેકર્ડ ઉપર છે. તેમ છતા આજદીન સુધી વાદી અલદાલત સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ લેખીત કે મૌખીક પુરાવો રજુ કરેલ નથી. વધુમા રેકર્ડ જોતા, છેલ્લી ત્રણેક મુદતથી વાદી તરફેની મુદત અરજી મંજુર કરતી વખતે વાદી વકીલશ્રીને પુરાવો રજુ કરવા માટે તાકીદ પણ કરવામાં આવેલ છે તેમ છતા વાદી તરફે આજદીન સુધી કોઈ પુરાવો રજુ થયેલ ન હોય, કેસના આ સંજોગોમાં આ અદાલતનું નમ્રપણે માનવુ છે કે, હાલનો દાવો આગળ ચલાવવામાં વાદીને કોઈ રસ નથી. જેથી હાલનો દાવો વાદીના કસુરે રદ કરવામાં આવે છે. પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

તારીખઃ–૨૨/૦૭/૨૦૧૭

(હિતેશ જયંતીલાલ તન્ના)
જજ કોડ જી.જે.૦૦૯૫૫
પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ
કડી